### ઉત્સવોની ઉજવણીમાં ડભોઈનગરી હંમેશા અગ્રેસર

# ડભોઈમાં વિશ્વકર્મા જન્મજયંતિની ધામધૂમથી ઉજવણી : ભવ્ય શોભાયાત્રા




ડભોઈ ઝારોલાવાગામાં આવેલ વિશ્વકર્મા મંદિરે આજરોજ સવારથીજ ભકતોની દર્શન કરવા ભીડ જામી હતી. કેસર સ્નાન તથા મહાઆરતી સમયે ભકતોથી ખીચો ખીચ ભરાયેલ મંદિર જયારે ઈન્સેટતસ્વીરમાં ભગવાન વિશ્વકર્માના દર્શન થાય છે. (તસ્વીર: બાલકૃષ્ણ શાહ,ડભોઈ)

(પ્રતિનિધિ) ડભોઈ,તા.૨૯

સંસ્કારી અને ઉત્સવપ્રેમી દર્ભાવતી નગરીમાં આજે ભગવાન વિશ્વકર્માના જન્મ દિવસની ઉજવણી શ્રધ્ધાભેર ભારે ધામધૂમથી કરવામાં આવી હતી. આપણા દેશમાં ત્રણ પ્રકારના તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. જેમાં રાષ્ટ્રીય તહેવાર, સામાજીક તહેવાર અને ધાર્મિક તહેવારનો સમાવેશ થાય છે. આજે વિશ્વકર્મા પ્રભુનો જન્મ હોવાથી ડભોઈ ઝારોલાવાગામાં આવેલ વિશ્વકર્મા મંદિરને ધજાપતાકા તેમજ લાઈટ ડેકોરેશન વડે ભવ્ય રીતે શણગારવામાં આવ્યું હતું. મંદિર બહાર પરિસરમાં મોટો મંડપ બાંધવામાં આવ્યો હતો. નગર તેમજ તાલુકામાંથી જ્ઞાતિ બંધુઓ મંદિર ખાતે વહેલી સવારથી મોટી સંખ્યામાં ઉમટી પડયાં હતાં.

વિશ્વકર્મા મંદિરમાં વહેલચી સવારે સ્નાનના તેમજ શણગારના દર્શન થયા હતાં. ત્યારબાદ બપોરના ભવ્ય દર્શન સમયે મહાઆરતી થતાં હજારો લોકોએ ભાવવિભોર બની દર્શન કરવાનો અમુલ્ય લ્હાવો લીધો હતો. આ સમયે પરિસરમાં બાંધેલ મંડપ પણ નાનો પડતો જોઈ શકાતો હતો. ભકતોથી મંદિર ઉભરા, ગયું હતું. ત્યાર પછી બપોરના એક કલાકે વાડીમાં મહાપ્રસાદીનો જ્ઞાતિ બંધુઓએ લાભ લીધો હતો.

સાંજના સમયે ઝારોલાવાગા ખાતે આવેલ મંદિરેથી ભવ્ય બેન્ડવાજા સાથે વાજતે ગાજતે શોભાયાત્રા નીકળી હતી. બિરાજમાન ભગવાન વિશ્વકર્માના દર્શન કરવા ભકતો ઉમટી પડયા હતા. મંદિરેથી નીકળેલ શોભાયાત્રા નગરના મુખ્ય રાજમાર્ગો પર ફરી તે સમયે આ શોભાયાત્રાને કેટલાક ભકતોએ દડંવત પ્રણામ કર્યા હતાં. નગરનું વાતાવરણ ભકિતરસમાં તરબોળ બની ગયું હતું. આ શોભાયાત્રાએ ભારે આકર્ષણ જમાવ્યુ હતું. વિશ્વકર્માનો શાસ્ત્રોકત અર્થ વિશ્વ એટલે જગત અને કર એટલે હાથ જેઓના પવિત્ર હાથ વડે જગતનું સર્જન થયું છે તે વિશ્વકર્મા કહેવાયા ભગવાન અને કન્યાદાનનું મહત્વ જગત સમક્ષ ભગવાન વિશ્વકર્મા પ્રભુએ મુંકયું છે.

ડભોઈનગરમાં ભવ્ય શોભાયાત્રા જેમ જેમ આગળ વધતી જતી હતી તેમ તેમ ભકત સમુદાય ભગવાનના દર્શન સાથે ધન્ય બનતો રહયો હતો. વાજતે ગાજતે નીકળેલ આ શોભાયાત્રા રાત્રે વિશ્વકર્મા મંદિરે પરત ફરી હતી. આમ આજે આખા દિવસ દરમ્યાન ભકિત,ભજન,કિર્તન તેમજ આરતી કરી દર્શનનો લ્હાવો જ્ઞાતિ બંધુઓએ તેમજ શ્રધ્ધાળુઓએ શ્રધ્ધાભેર લીધો હતો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વકર્મા જયંતિ આનંદ ઉલ્લાસ ભેર ધાર્મિક વાતાવરણમાં ઉજવવામાં આવી હતી. ઝારોલાવાગામાં આવેલ મંદિરે વિશ્વકર્મા જયંતિ છેલ્લા કેટલાય વર્ષોથી ધાર્મિક રીતે ઉજવવામાં આવે છે.

### ઘરના ઘરનું સપનું જોનારા ૨૦૦થી વધુ ગ્રાહકોનું સપનું રોળાયું

# ગ્રાહકો પાસેથી પ્લોટના પૈસા ઉઘરાવી મુખ્ય એજન્ટ કૌશલ શાહે જમા ના કરાવ્યા

અમદાવાદ, તા.૨૯

બગોદરા હાઈવે પર આવેલ જો રેસીડેન્સી સ્કીમ (જોયવીલા એન્ડ રિસોટી)માં પ્લોટના બુકીંગ પેટે નિર્દોષ નાગરીકો પાસેથી ઉઘરાયેલી લાખો રૂપિયાની રકમ ઉઘરાવી બિલ્ડરના ખતામાં જમા નહી કરાવી ગંભીર પ્રકારની છેતરપીંડી કરવાના પ્રકરણમાં ભોગ બનેલા વચેટિયા એજન્ટોએ મુખ્ય એજન્ટ એવા પ્રોપર્ટી કીટલી કંપનીના કૌશલ શાહ વિરૂધ્ધ જાહેરમાં ખુલ્લો બળવો પોકાર્યો છે. વચેટિયા એજન્ટોને લાખો રૂપિયાનો ચૂનો લગાડનાર પ્રોપર્ટી કીટલીના મુખ્ય એજન્ટ કૌશલ શાહ વિરૂધ્ધ બિલ્ડર હિતેશભાઈ સિધ્ધપુરા દ્વારા પોલીસ ફરિયાદ પણ નોંધવવામાં આવી હતી. પરંતુ પોલીસ તરફથી પણ કોઈ નકકર કાર્યવાહી નહી થતાં હવે છેતરપીંડીનો ભોગ બનેલા વચેટિયા એજન્ટશે તેમના ગ્રાહકોના ન્યાય માટે હવે કાનૂની સહારો લે તેવી શકયતા છે. આ માટે આગામી દિવસોમાં તેઓ ગ્રાહક કોર્ટ સહિત કાયદાકીય વિકલ્પો અપનાવે તેવી પુરી શકયતા છે. આ અંગે વિશ્વકર્મા લડત સમિતિના એજન્ટોએ આજે એક જાહેરમંચ પર આવી ઘરના ઘરનું સપનું જોનારા ૨૦૦થી વધુ ગ્રાહકોનું સપનું રોળી નાંખનારા અને લાખો રૂપિયાની છેતરપીંડી આચરનારા પ્રોપટી કીટલીના કૌશલ શાહ વિરૂધ્ધ કાયદાકીય રાહે સખત પગલા લઈ સખત નશ્યત કરવા માંગણી કરી હતી. કૌશલ શાહની ઠગાઈનો ભોગ બનેલા એજન્ટો અમર મિસ્ત્રી, રાજેશ શર્મા તથા અન્યોએ જણાવ્યું હતું કે, બગોદરા હાઈવે પરની જોયવીલા એન્ડ રિસોર્ટ સ્કીમમાં પ્લોટના બુકીંગ માટે મેઈન એજન્ટ તરીકે પ્રોપર્ટી કીટલી કંપનીના કૌશલ શાહની નિયુકિત કરાઈ હતી. તેના હાથ નીચે અમારા જેવા વચેટિયા એજન્ટો નીમાયા હતા, જેઓને ગ્રાહકો લેવે તો દસ ટકા કમીશન અન્ય ઈન્સેન્ટીવની લાલચ આપવામાં આવી હતી. પરંતુ કૌશલ શાહે શરૂઆતનો થોડો સમય ગ્રાહકોની હપ્તાની રકમ બિલ્ડરમાં જમા કરાવ્યા બાદ પાછળથી કરારનો દૂપયોગ કરી ગ્રાહકોને પ્લોટના એલોટમેન્ટ લેટર બારોબાર આપી અને બોગસ નાણાની રસીદો આપી દઈ તેમની સાથે છેતરપીંડી આચરી હતી. આ સમગ્ર પ્રકરણમાં અમારા વચેટિયા એજન્ટોનો મારો થઈ ગયો છે. કારણ કે, ગ્રાહકોના પૈસા ગયા અને તેમને જમીનનાં પ્લોટ નથી. મળ્યા તો, ગ્રાહકો પાસેથી ઉઘરાયેલી રૂા.૧૪ લાખથી વધુની રકમ પણ બિલ્ડરમાં જમા કરાવાઈ નથી. આ સમગ્ર મામલે પોલીસે યોગ્ય, નિષ્પણ અને અસરકારક તપાસ હાથ ધરવી જોઈએ. બીજી બાજુ, કૌશલ શાહે પોલીસ સમક્ષના નિવેદનમાં એવો બચાવ રજુ કર્યા હતો કે, તેણે ઉપરોક્ત બિલ્ડરની જમીનનો દસ્તવેજ થયેલ નહી હોઈ ગ્રાહકોના નાણા બિલ્ડરમાં જમા કરાવ્યા ન હતા .

# કેન્દ્રીયમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ડેવોસમાં કુશળતાના વિકાસમાં ભારતીય તકોની વિગત આપી



વડોદરા, તા.૨૯

પેટ્રોલિયવમ અને નેચરલ ગેસના કુશળ વિકાસ અને સાહસિકતા માટે કેન્દ્રીય પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને ભારપુર્વક જણાવ્યું છે કે, ભારત તેના લાભ માટે જનસંખ્યાકીય ડિવિડન્ડનો ઉપયોગ કરી રહયો છે અને એક તક તરીકે જોવામાં આવે છે. ડેવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ ખાતે બ્રિજિંગ ધ સ્કિલ ગેપ્સના એક સત્રમાં બોલતા પ્રધાને ભારત યુવા કૌશલ્ય કાર્યક્રમ જેમાં, ફરીથી કૌશલ્ય અને કુશળતા કાર્યક્રમમાં ચર્ચા કરી જેમાં ભારતના લગભગ ૫૦૦ મિલિયન લોકો ભાગલે છે. આ સત્ર દરમિયાન પ્રધાનએ સરકારી પ્રવૃતિઓની ડેન્માર્કના પ્રધાનમંત્રી અમરિકા, નેધરલેન્ડ્સ સિંગાપોર, યુએએસ, ઓમેન, દક્ષિણ આફ્રિકાના કુશળ, મજુર અને આયોજન પ્રધાનો સાથે ચર્ચા કરી હતી. ભારતનાા ડિજિટલ દુનિયામાં સ્કિલીંગ પર ડબ્લયુ ઈએફ નાા અંતરે ઈન્ટરનેશનલ ઈન્વેસ્ટમેન્ટ દ્વારા યોજાયેલી એક ઈવેન્ટને સંબોધન કરતી વખતે ધર્મેન્દ્ર પ્રધાને સમાજના તમામ વિભાગોના ડિજિટલ કૌશલ્ય વિકાસ પરની વિવિધ નીતિઓના સરકારી નીતિઓ અને સફળતાઓની વિગત આપી હતી. તેમણે એમ પણ ઉલ્લેખ કર્યો છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દ્રષ્ટિ નીચે અને કારોબારીની કાર્યવાહી કેવી રીતે થઈ રહી છે. પ્રધાને બુધવારે યોજાયેલી બેઠકમાં ડેલોઈટ ડેવીડ કુકકશેન્કના ગ્લોબલ ચેરમેન સહિતની બેઠક યોજી હતી. અમેરિકાના મજુર મંત્રી એલેકઝાન્ડર એકોસ્ટાની સાથે પ્રધાને અનૌપચારીક ચર્ચાઓ કરી હતી.

# છોટાઉદેપુરની એસએફ શાળાના વ્યાયામ શિક્ષકોની યોગ અને પ્રાણાયામ ત્રિદીવસીય તાલીમ યોજાઈ



વ્યાયામ શિક્ષકોની તાલીમમાં યોગ કરતાં શિક્ષકો તસ્વીરમાં નજરે પડે છે. (તસ્વીર: મયુર શેઠ,બહાદરપુર)

(પ્રતિનિધિ)બહાદરપુર,તા.૨૯

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ અને કમિશનર શાળાઓની કચેરી ગાંધીનગર આયોજીત રાજયની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વ્યાયામ શિક્ષકની યોગ અને પ્રણાયામ ત્રિદિવસીય તાલીમ છોટાઉદેપુરની એસ.એફ.હાઈસ્કુલમાા યોજાઈ હતી.

છોટાઉદેપુર જિલ્લા શિક્ષણાધિકારી ડી.જી.પટેલ તથા ઈ.આઈ.ઈમરાનભાઈ સોનીના માર્ગદર્શન હેઠળ આ તાલીમનું આયોજન કરાયું હતું. છોટાઉદેપુર જિલ્લાની ૬૩ શાળાઓના વ્યાયામ શિક્ષકોએ આ તાલીમમાં ભાગ લીધો હતો.

ત્રિદીવસીય તાલીમનો મુખ્ય ઉદ્દેશ યોગ અને પ્રાણાયમને મહત્વ આપવાનો હતો. પ્રથમ દિવસે છોટાઉદેપુર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના ઈ.આઈ. ઈમરાનભાઈ સોની દ્વારા વહેલી સયારે સૌ શિક્ષકોનું રજીસ્ટ્રેશન કરાવીને તાલીમની શરૂઆત કરાવી હતી. આર.પી તરીકે નસવાડી શાળાના વ્યાયામ શિક્ષક ચંદ્રકાંત બારીયા તતા ભેસાવહી શાળાના વ્યાયામ શિક્ષક જીતેન્દ્રસિંહ રાજપૂત દ્વારા શિક્ષકોને યોગ અને પ્રાણાયમની શરૂઆતી તાલીમ અપાઈ હતી. જયારે બીજા સત્રની તાલીમમાં દેશી રમતો દોરડા ખેંચ, સાતત્તાળીની રમતો,. રીલે, દડાની રમતો, લંગડી, માટલા ફોડ, કોથરા દોડ, લીંબુ ચમચી, દેડકાદોડ, સતોડીયું જેવી દેસી રમતોની પ્રેકટીકલ સાથે માર્ગદર્શન અપાયું હતું. જિલ્લાની વિવિધ શાળાઓમાંથી આવેલા ૬૩ જેટલા વ્યાયામ શિક્ષકોએ આ તાલીમનો લાભ લીધો હતો.

છોટાઉદેપુર જિલ્લા શિક્ષણાધિકારી ડી.જી.પટેલ પ્રથમ દિવસે વ્યાયામ શિક્ષકો સાથે ચર્ચા કરીને શાળા કક્ષાએ વ્યાયાયમ શિક્ષકોએ કરવાની કામગીરીની જાણકારી આપી હતી. અને મોડયુલમાં આપવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતાં.

મોડયુલમાં આપવામાં આવેલી વિગતોમાં પ્રાર્થના સભમાં યોગ કેવી રીતે કરાવવો, અષ્ટાંગ યોગ-આસન-પ્રણાયમ-મુદ્રાઓ-યોગ અભ્યાસ માટે સામાન્ય અને વિશેષ સૂચના ઓ દેશી રમતો તેમજ મહત્વની વિસ્તૃત તેમજ માહિતી પ્રદ વિગતો આપવામાં આવી હતી. સમગ્ર તાલીમની દેખરેખ જીલ્લા શિક્ષણાધિકારી કચેરી છોટાઉદેપુરના ઈ.આઈ.ઈમરાનભાઈ સોની તથા એ.ડી.આઈ. અરવિંદભાઈ રાઠવાએ કરીને તાલીમને સફળ બનાવી હતી.

# વર્ચ્યુસા 30 જાન્યુ,૧૮ના રોજ પોલારિસ માટે ડિલિસ્ટિંગ ઓફર શરૂ કરશે

પોલારિસ કન્સલિસ્ટિંગ એન્ડ સર્વિસીસમાં ૭૪.૨૨ ટકા હિસ્સો ધરાવતી વર્યુસા કન્સલસ્ટિંગ સર્વિસીસ ૩૦ જાન્યુઆરી, ૨૦૧૮થી ભારતીય સ્ટોક એક્ષ્ચેન્જોમાંથી પોલારિસ માટે ડિલિસ્ટિંગ ઓફર લોંચ કરશે. વર્ચ્યુસા આ ડિલિસ્ટિંગ ઓફર મારફતે ૨૬.૪૧ મિલિયન શેર (૨૫.૭૮ ટકા) એકવાયર કરશે. ડિલિસ્ટિંગ ઓફર ૫ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ પૂર્ણ થશે.

બિડમાં સુધારો વધારો કરવા કે પાછી ખેંચવા માટેનો છેલ્લો દિવસ ૨ ફેબ્રુઆરી છે. ડિલિસ્ટિંગ કિંમત રિવર્સ બુક બિલ્ડ પ્રોસેસ દ્વારા નકકી થઈ છે અને વર્ચ્યુસા સંશોધિત કિંમતનો સ્વીકાર કરવાનો કે અસ્વીકાર કરવાનો વિકલ્પ પણ ધરાવશે.

વર્ચ્યુસાના બોર્ડ ઓફ ડિણેકટર્સે ૧૫ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ ભારતીય સ્ટોક એકક્ષ્ચેન્જોને માહિતી આપી હતી કે, કંપનીએ ઈકિવટી શેરદીઠ રૂા.૩૭૦ની ઈન્ડિકેટિવ ઓફર પ્રાઈઝ નકકી કરી છે. જે ડિલિસ્ટિંગ ઓફરમાં પોલારિસના જાહેર શેરધારકો દ્વારા રજુ થનાર ઈકિવટી શેર સ્વીકારવાની ઈચ્છતી હોય એવું બની શકે છે. ઈકિવટી શેરદીઠ પ્રાઈઝ ૨૨૦.૭૩ કરતાં ઈન્ડિકેટિવ પ્રાઈઝ ૬૭.૬ ટકા વધારે છે. જેના પર એકવાયર કરનાર વર્ચ્યુસા માર્ચ, ૨૦૧૬માં કંપનીની વોટિંગ શેર કેપિટલનો ૭૮.૬૫ ટકા હિસ્સો ધરાવે છે. જે તેણે અગાઉના પ્રમોટર્સ અને જાહેર શેરધારકો પાસેથી મેળવ્યો હતો.

વળી ઈન્ડિકેટિવ પ્રાઈઝ રૂા.૨૩૨.૩૭ની ફલોર પ્રાઈઝથી ૫૯.૨ ટકા વધારે છે. જે સેબીના ડિલિસ્ટિંગના નિયમનો સાથે સુસંગત છે તેવી જાણકારી વર્ચ્યુસા કન્સલ્ટિંગ સર્વિસીસે નિયમનકારી ફાઈગિમાં જણાવ્યું હતું. મુંબઈ સ્થિત બ્રોકિંગ કંપની લોટસ ગ્લોબલ ઈકિવટીઝમાં સંસ્થાગત ઈડિવટીના વડા દિનકર શાનભાગે કહયું હતું કે, સામાન્ય રીતે ટ્રેન્ડ ફલોર પ્રાઈઝથી ૪૦થી ૫૦ ટકા વધારાનો રહેશે. અગાઉ પણ અમે જોયું છે કે, રોકાણકારોએ ડિલિસ્ટીંગ પ્રાઈઝ એકવાયર કરનારને અતાકિક લાગે એ સ્તર સુધી ખેંવાનો પ્રયાસ કર્યો હોવાથી એકવાયર્ર દ્વારા ડિલિસ્ટીંગ ઓફરને નકારી કાઢવામાં આવી છે.

અન્ય કેટલીક ડિલિસ્ટિંગ ઓફરની જેમ બજારની કંપનીઓને અપેક્ષા છે કે ડિલિસ્ટીંગ ઓફર નિષ્ફળ નિવડશે તો સ્ટોકમાં મોટો કડાકો બોલશે. સફળ ડિલિસ્ટિંગ માટે સેબીના ડિલિસ્ટિંગ નિયમો મુજબ એકવાયર્ર પાસે લક્ષિત કંપનીના કુલ સાધારણ શેરનો ઓછામાંા ઓછો ૯૦ ટકા કે ૯૦ ટકાથી વધારે હિસ્સો હોવો જોઈએ.


**VOLTAMP TRANSFORMERS LIMITED**
CIN: L31100GJ1967PLC001437
Regd. Off.: Makarpura, Vadodara – 390014.
Ph : 0265 3041403/480, Fax: 3041499
E-mail : vnm_ipo@voltamptransformers.com
Website : www.voltamptransformers.com

**NOTICE**

NOTICE is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 a meeting of the Board of Directors of the Company will be held on **Tuesday, February 13, 2018** at the Registered Office of the Company situated at Makarpura, Vadodara – 390014 inter-aila, to consider and approve the unaudited financial results for the Quarter ended December 31, 2017.

This information is also available on the website of the Company at **www.voltamptransformers.com** and on website of the Stock Exchanges where the shares of the Company are listed at **www.bseindia.com** and **www.nseindia.com**

By order of the Board,
**For VOLTAMP TRANSFORMERS LIMITED**
**Sanket Rathod**
**Company Secretary & Compliance Officer**

Place: Vadodara
Date: 29-01-2018



**વડોદરા મહાનગર પાલિકા**
www.vmc.gov.in

**પાણી અંગેની અગત્યની જાહેરાત**

વડોદરા મહાનગર પાલિકામા SCADA આધારીત સ્માર્ટ વોટર મેનેજમેન્ટની કામગીરી અંતર્ગત PRO નંબર: ૮૬૧ થી તા.૩૦.૦૧.૨૦૧૮ ના રોજ પાણી બંધ ની જાહેરાત આપવામા આવેલ હતી. અનિવાર્ય સંજોગોને કારણે સદર કામગીરી હાલ પૂરતી સ્થગિત રાખવામા આવેલ છે. સદર જાહેરાત મા દર્શાવેલ ટાંકીઓ અને બૂસ્ટરો ખાતેથી પાણી વિતરણ યથાવત રહેશે, જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતિ છે.

પી.આર.ઓ.નં. ૮૬૬/૧૭-૧૮ કાર્યપાલક ઇજનેર (પા.પુ.વિતરણ)



INEOS STYROLUTION
Driving Success. Together.

**INEOS STYROLUTION INDIA LIMITED**
**Registered Office :** 6th Floor, ABS Towers, Old Padra Road, Vadodara - 390 007.
**CIN:** L25200GJ1973PLC002436
**Tel.No. :** +91 265 2303201, 2303202; **Fax No :** +91 265 2303203
**E mail :** secshare@styrolution.com **Website :** www.ineosstyrolutionindia.com

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED DECEMBER 31, 2017**

(INR in Lakhs except EPS)

| Sr No | Particulars | Quarter ended on Dec. 31, 2017 | Quarter ended on Sep. 30, 2017 | Quarter ended on Dec. 31, 2016 | For the year ended on March 31, 2017 |
|---|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 45,304.10 | 48,261.71 | 35,315.57 | 166,918.41 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items) | 2,283.35 | 2,555.87 | 923.37 | 10,029.59 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional items) | 2,283.35 | 2,555.87 | 923.37 | 10,029.59 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional items) | 1,430.78 | 1,697.48 | 541.63 | 6,927.98 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 1,508.06 | 1,686.33 | 530.31 | 6,883.40 |
| 6 | Equity Share Capital | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | | | | 56,946.26 |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted | 8.14 | 9.65 | 3.08 | 39.40 |

**Notes:**

(1) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on January 29, 2018. The audit report does not contain any qualification by the statutory auditors.

(2) The above extract of the detailed format of the financial results for the quarter ended on December 31, 2017 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.The full format of these financial results are available on the Stock Exchange websites (www.bseindia.com/www.nseindia.com) and Company's website www.ineosstyrolutionindia.com.)

**For INEOS STYROLUTION INDIA LIMITED**
**Sanjiv Vasudeva**
**Managing Director and CEO**

**Place: Vadodara**
**Date : January 29, 2018**



YOU CAN HELP IN A SMALL WAY

Donate your OLD cycle BIG or SMALL
in any condition to
NGO - HARSHA
One Who Brings HAPPINESS

We locate a worth while CHILD in need of a big or small cycle and donate it to them.
We locate labourer / servant children to bring a smile and joy in there life.
We assure every donor proof of donation with a photo of the cycle and the donor and the donors details

BRING JOY IN THE LIFE OF THE POOR THIS DIWALI

To donate your old cycle - big or small
CALL / WHATSAPP
9825374573

THREE SISTERS to whom a cycle is donated living on the road behind the Railway Station



